# પોલીસથી બચવા સુટકેશમાં વિદેશી દારૂની હેરફેર, છતાં શખ્સ ઝડપાયો

## કુંભારવાડાના શખ્સને ટોપથ્રી સર્કલ નજીકથી ઝડપી લેતી ભરતનગર પોલીસ : જોકે, દારૂ ક્યાંથી લાવ્યો, કોને આપવાનો હતો તે સહિતની બાબતો અંગે રહસ્ય





ભાવનગર, તા.૧૯

ગુજરાતમાં દારૂબંધી વચ્ચે તેના અમલ માટે ભાવનગર પોલીસ છેલ્લા કેટલાક સામથી વધુ સક્રિય બની છે ત્યારે દારૂના ધંધાર્થીઓ પણ પોલીસની આંખમાં ધૂળ જોકવા નિતનવી તરકીબ અજમાવી દારૂની હેરાફેરી કરી લેતા હોય છે. તેમ છતાં ઘણા ખરા કિસ્સામાં પોલીસની ચબરાક નજરથી દારૂની હેરાફેરી બચી શકતી નથી. આવા જ એક કિસ્સામાં ભાવનગરના ટોપથ્રી સર્કલ પાસેથી સ્કૂટરમાં આગળના ભાગે પ્લાસ્ટિકની બેગ રાખીને પસાર થતાં એક શખ્સને શંકાના આધારે અટકાવી તપાસ કરતા બેગમાંથી દારૂની સીલપેક ૨૪ બોટલ મળી આવી હતી.

આ બનાવની વિગત એવી છે કે ભાવનગર ટોપ થ્રી સર્કલ નજીક ભરતનગર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક શખ્સ સ્કૂટર લઈ પસાર થયો હતો જેમાં સ્કુટરની આગળના ભાગે પ્લાસ્ટિકની સુટકેશ રાખવામાં આવી હતી આથી પોલીસને શંકા જતા તેને અટકાવી તલાસી લેતા આ સુટકેસમાંથી ભારતીય બનાવટની વિસ્તારોની સીલપેક ૨૪ બોટલો મળી આવી હતી. આથી પોલીસે આ શખ્સની અટકાયત કરી તેની પૂછતાછ હાથ ધરતા તેની ઓળખ કિશન રમેશભાઈ અઘારા (ઉંમર વર્ષ ૨૨, રહે પ્લોટ નંબર ૧૪૮ અક્ષર પાર્ક સ્કૂલની પાછળ કુંભારવાડા ભાવનગર) તરીકે થઈ છે. પોલીસે દારૂ અને સ્કૂટર સહિતનો કુલ રૂપિયા ૭૨,૨૦૦નો મુદ્દા માલ કબજે લઈ ઝડપાયેલા શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જન્મદિન શુભેચ્છા

### વડવા અ વોર્ડ ભાજપના પૂર્વ પ્રમુખ રાજુભાઈ લુખીનો જન્મદિવસ



ભાવનગર શહેર ભાજપના વડવા અ વોર્ડના પૂર્વ પ્રમુખ પટેલ રાજુભાઈ લુખીનો આજે તા.૧૯ નવેમ્બરના જન્મદિવસ છે. ભારતીય જનતા પાર્ટીમાં સંગઠન ક્ષેત્રે તેઓની ઉમદા કામગીરી રહી છે. ચૂંટણીના પરિણામોમાં તેમના વડવા અ વોર્ડની જહેમત હમેંશા રંગ લાવી છે. ઉલ્લેખનીય છેકે તેમના વોર્ડમાંથી હાલ બે કોર્પોરેટર મોનાબેન પારેખ ડેપ્યુટી મેયર પદે અને રાજુ રાબડીયા સ્ટે. ચેરમેન પદે બિરાજમાન છે. શહેર સંગઠન સાથે ખભે ખભા મિલાવી વડવા અ વોર્ડની ટીમ પ્રમુખ રાજુ લુખીનાં નેતૃત્વમાં કાર્યરત રહી હતી. રાજુ લુખી નાની વયથી સંગઠન ક્ષેત્રે સેવારત છે જેની પાર્ટીએ પણ નોંધ લીધી છે. આજે તેમની જન્મદિવસ ઉપરાંત મેરેજ એનિવર્સરી પણ છે જેથી બેવડી શુભેચ્છાઓ મળી રહી છે.

# SIRના ૧૧ દિવસનું સરવૈયું : ભાવનગરમાં ૫૭૭૭ મૃત, ૨૬૨ ગેહાજર, ૪૯૬૭ મતદારોનું સ્થળાંતર

## મતદાર યાદી વેરફિકેશનની કામગીરી દરમિયાન મૃત મતદારોના નામ યાદીમાં નીકળ્યા

ભાવનગર,તા.૧૯

રાજ્યભરમાં ૪ નવેમ્બરથી શરૂ કરવામાં આવેલી સ્પેશ્યલ ઈન્સ્ટેસીવ રિવીઝન (SIR)ની કામગીરીમાં મતદાર વેરિફિકેશન દરમિયાન ઢગલાબંધ મૃતક મતદારોના નામ બહાર આવ્યા છે. તેમાં સૌરાષ્ટ્રમાં ૩૦૭૯૪, કચ્છમાં ૫૭૭૩ અને સમગ્ર રાજ્યમાં ૧,૪૨,૯૩૦ મતદારો મૃત નિકળ્યા હોવાની માહિતી જાણવા મળી છે.

સ્પેશ્યલ ઈન્સ્ટેસિવ રિવિઝન (SIR)માં પ્રથમ બે દિવસ બીએલઓ દ્વારા મતદારોને ફોર્મ વિતરણ કરવામાં આવ્યું હતું અને ૭નવેમ્બરથી ફોર્મ પરત લેવાનું શરૂ કરવામાં આવ્યું છે આ કામગીરીના આજની સ્થિતીએ ૧૧ દિવસ થયા છે એક મહિનામાં આ કામગીરી પૂરી કરવામાં આવનાર છે તે દરમિયાન ૧૧ દિવસમાં જ તમામ ૧૮૨ વિધાનસભા દીઠ મૃત અને કાયમી સ્થળાંતરીત મતદારોના નામની અલગથી યાદી તૈયાર કરવામાં આવી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે. સૌથી મૃત મતદારોના નામમાં અમદાવાદમાં મોખરે છે તે પછી બીજા ક્રમે વડોદરા અને રાજકોટ રાજ્યમાં ત્રીજા ક્રમે છે. જ્યારે ભાવનગરમાં ૫૭૭૭ મૃત ૨૬૨ ગેહાજર, ૪૯૬૭ મતદારોનું સ્થળાંતર થયુંહોવાનુંસામેઆવ્યુંછે.અત્યાર સુધીમાં બીએલઓ દ્વારા ડોર ટુ ડોર મતદારોની બે વખત ચકાસણી કરવામાં આવી છે. આ દરમિયાન કાયમી સ્થળાંતરિત મતદારોની સંખ્યા પણ ચોકાવનારી મળી છે. રાજ્યમાં ૨૦૦૨ પછી પ્રથમવાર જૈંઈની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન નવા તાલુકા અને નવા જિલ્લા અસ્તિત્વમાં આવતા આ વિસ્તારમાં મતદારો અને બીએલઓની કામગીરી ટફ બની છે. ચૂંટણી પંચ દ્વારા જૂની મતદાર યાદી આપવામાં આવી છે. પરંતુ તેમાં મતદારોના નામ નહી હોવાની પણ ઢગલાબંધ ફરિયાદો મળી છે.

# સિહોર પ્રાથમિક શાળામાં બાળકોને સાયબર સેફ્ટી અંગે અવગત કરાયા

## વિદ્યાર્થીઓને ઓનલાઈન ઠગાઈની રીતો, બચાવના ઉપાયોનું માર્ગદર્શન અપાયું

ભાવનગર,તા.૧૯

સિહોરના નવાગામ (કનીવાવ) પી.એમ બી.એલ શાહ પ્રાથમિક શાળા ખાતે સિહોર પોલીસ સ્ટેશન અને સિહોર તાલુકા કાનૂની સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે સાયબર ફ્રોડ વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં સિહોર પોલીસ સ્ટેશનના પીઆઈ બી.ડી. જાડેજા દ્વારા સાયબર ગુનાઓના વધતા પ્રકોપ અંગે વિશદ માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીઓને ઓનલાઈન ઠગાઈની રીતો, બચાવના ઉપાયો તથા સાયબર સેફ્ટી સંબંધિત જરૂરી કાનૂની જાણકારી સરળ અને અસરકારક રીતે સમજાવી શાળાના આચાર્ય તથા વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત લેવા અનુરોધ કરાયો હતો.આ કાર્યક્રમમાં આઈ.ટી. એક્સપર્ટ આશિષ ગોરડિયા, સાયબર એક્સપર્ટ વિજય ભાટવાસિયા, સિહોર તાલુકા કાનૂની સેવા સમિતિના પીએલવી સભ્ય હરીશભાઈ પવારે પણ કાનૂની માર્ગદર્શન આપ્યું હતુ. શાળાના આચાર્ય, શિક્ષક સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લઈ સાયબર ફ્રોડ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

# ખો ખો અંડર ૧૪માં જિલ્લા કક્ષાએ પસંદગી




સમગ્ર ગુજરાતમાં જ્યારે ઉત્સાહભેર ખેલ મહાકુંભ ચાલી રહ્યો છે..ત્યારે બોટાદ જિલ્લાના રાણપુર લીંબડી રોડ પર કરમડના પાટીયે આવેલ ગુરુકુલ ખાતે ચુડા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જ્ઞાનશક્તિના બાળકોની ખો ખો અંડર ૧૪, વાત્સલ્યના બાળકોની ખો ખો અંડર ૧૭ અને દીકરીઓની કબ્બડી અંડર ૧૭ ટીમની જિલ્લામાં જવા માટે પસંદગી થઈ છે.આ બંને ટીમોને જિલ્લામાં પણ સારુ પ્રદર્શન કરે એવા શ્રીજીસ્વરૂપદાસજી સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

# કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીનો આવતીકાલે યોજાશે અભિવાદન સમારોહ

## ભાવનગરની વિવિધ સંસ્થા અને નાગરિકો દ્વારા મંત્રી વાઘાણીનું કરાશે સન્માન : કેન્દ્રીય મંત્રી માંડવીયા, બાંભણીયા, મંત્રી સોલંકી, વેકરીયા તથા ધારાસભ્યોની રહેશે વિશેષ ઉપસ્થિતી

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરમાં તા. ૨૦ નવેમ્બરની સાંજે ૬ વાગ્યે, ઈસ્કોન કલબ ખાતે શહેર તથા જિલ્લાના વિવિધ વેપારી એસોસિયેશન, સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વિવિધ જાતિ સંગઠનોના સંયુક્ત ઉપક્રમે વંદનીય મહારાજા કૃષ્ણકુમારસિંહજીની પુણ્યધરા ભાવનગરના પનોતા પુત્ર,જીતુભાઈ વાઘાણી (કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન–ગોવંશ વિકાસ અને મત્યસંકુલ વિભાગ – ભારત સરકાર)ના સન્માનમાં અભિવાદન સમારોહનું આયોજન કરાયું છે.

ભાવનગરની જનતા તરફથી તેમની વિશેષ જવાબદારી નિમિત્તે સન્માનપૂર્વક આવકાર આપવા શહેરના આગેવાનો દ્વારા જોરશોરથી તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ડો. મનસુખભાઈ માંડવિયા (કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી,ભારત સરકાર) ઉપસ્થિત રહેશે. તેમજ મુખ્ય અતિથિ તરીકે કૌશિકભાઈ વેકરીયા (રાજ્ય કક્ષાના મંત્રી,ગુજરાત રાજ્ય તથા પ્રભારી મંત્રી ભાવનગર)ની ઉપસ્થિતિ રહેશે.

વિશેષ ઉપસ્થિત તરીકે કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા તથા રાજ્યકક્ષા મંત્રી પુરુષોત્તમભાઈ સોલંકી હાજરી નોધાવશે તેમજ ભાવનગર મહાનગર પાલિકાના મેયર ભરતભાઈ બારડ, જિલ્લા ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, દિગ્વિજયસિંહ ગોહિલ (અધ્યક્ષ–જિલ્લા ભાજપ), ભીખાભાઈ બારૈયા (ધારાસભ્ય – પાલિતાણા), શિવાભાઈ ગોહિલ (ધારાસભ્ય - મહુવા) તથા ગૌતમભાઈ ચૌહાણ (ધારાસભ્ય – તળજા) ઉપસ્થિત રહેશે.શહેરના ગૌરવ સમાન આ કાર્યક્રમને સફળતા મળે તે માટે તમામ સંસ્થાઓ અને આગેવાનો દ્વારા વિશેષ તૈયારી ચાલી રહી છે.

# કબ્બડીમાં સિહોર ગર્લ્સ સ્કૂલની કન્યાઓએ મેળવ્યો બીજો નંબર

સિહોર,તા.૧૯

ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં જે.જે. મહેતા વિવિધલક્ષી ગર્લ્સ સ્કૂલ, સિહોરની કબડ્ડી ટીમે ઉત્તમ પ્રદર્શન કરી સ્કૂલનું ગૌરવ વધાર્યું હતું. જેમાં અન્ડર-૧૪ વિભાગમાં સ્કૂલની ટીમે કબડ્ડીની રમતમાં શ્રેષ્ઠતા બતાવીને બીજો નંબર મેળવ્યો હતો. અન્ડર-૧૭ વિભાગમાં વિધાર્થી બહેનોએ શાનદાર રમત સાથે પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. ઓપન વિભાગમાં પણ શાળાની પ્રતિભાશાળી ટીમે ઉત્તમ પ્રદર્શન કરી પ્રથમ ક્રમે વિજય મેળવ્યો હતો. શાળાના આચાર્ય દિલીપભાઈ ડાંગર સહિત કોચ અને સમગ્ર શિક્ષક મંડળે શાળાના ખેલાડીઓની સિધ્ધિઓ બદલ હર્ષ વ્યક્ત કરી તેમજ આગામી સ્પર્ધાઓ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

# ખેડૂતોને રૂપિયા બે કરોડની સહાય કરનાર ઉદ્યોગપતિઓનું સન્માન

## અમરેલીમાં ઋણસ્વીકાર કાર્યક્રમ યોજાયો, ખેડૂતોએ કહ્યું- 'અત્યાર સુધી કોઈએ ન કરી હોય તેવી મદદ'

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં સમાજસેવા અને વતનપ્રેમનો અનોખો દાખલો જોવા મળ્યો છે. જીરા ગામના બે અગ્રણી ઉદ્યોગપતિઓએ માવઠાથી પ્રભાવિત ખેડૂતોને આશરે ૨ કરોડ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડી હતી. આ ઉમદા કાર્ય બદલ અમરેલી કિસાન પરિવાર સન્માન સમિતિ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.આ સન્માન સમારંભમાં, જીરા ગામના બાબુભાઈ ચોડવડિયા (જીરાવાળા) દ્વારા તેમના ગામની સમગ્ર મંડળીનું બાકી રહેલું દેવું ચૂકવી દેવાની માનવતાભરી પહેલની નોંધ લેવામાં આવી હતી. તેમની આ નિસ્વાર્થ સેવાએ ગામમાં નવી આશા જગાવી છે.જૂનાગઢ જિલ્લાના બાદલપુર, પ્રભાતપુર, શેમરાણા અને શેખડાવદર જેવા ચાર ગામોના ખેડૂતોને પણ મદદ કરવામાં આવી હતી. દિનેશભાઈ કુંભાણીએ આ ચાર ગામો અને તેમના પોતાના ગામ સહિત કુલ પાંચ ગામના ખેડૂતોને હેક્ટર દીઠ ૧૧,૦૦૦ રૂપિયાની સહાય, કોઈપણ હેક્ટર મર્યાદા વિના, આપી હતી. આ કુલ સહાય આશરે બે કરોડ રૂપિયા જેટલી થવા જાય છે.આ "ઋણસ્વીકાર કાર્યક્રમ" અમરેલી કિસાન પરિવાર સન્માન સમિતિ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લાના વિવિધ ગામોના ખેડૂત પ્રતિનિધિઓ, સમાજસેવકો અને સંસ્થાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ખેડૂત અગ્રણી પ્રફુલભાઈ સેંજલિયાએ જણાવ્યું હતું કે, "બાબુભાઈ જીરાવાળા અને દિનેશભાઈ કુંભાણી ખેડૂતોના સાચા દાતા છે. તેમણે ખેડૂતોને કપરા સમયમાં મદદ કરી છે. બાબુભાઈએ પોતાના જીરા ગામનું સમગ્ર દેવું ભર્યું છે, જ્યારે દિનેશભાઈએ પાંચ ગામના ખેડૂતોને મદદ કરી છે."અન્ય એક ખેડૂત મનસુખભાઈ ક્યાડાએ કહ્યું કે, "આજે કિસાન પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બાબુભાઈ જીરાવાળાએ પોતાના ગામના ખેડૂતોની મંડળીનું દેવું ચૂકવી દીધુંછે. દિનેશભાઈએ તેમના ગામ અને આસપાસના ચાર ગામોમાં હેક્ટર દીઠ ૧૧,૦૦૦ રૂપિયા આપ્યા છે, જે કોઈ મર્યાદા વગરની મદદ છે. આવા દાતાઓએ ખેડૂતોને અત્યાર સુધી કોઈએ ન કરી હોય તેવી મદદ કરી છે."

# ડુંગળીના મશ્કરી સમાન ભાવ, કિલોના 5 રૂપિયા પણ મળવા મુશ્કેલ



## માવઠાના માર વચ્ચે ખેડૂતોને પડ્યા પર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવમાં ભારે ઘટાડો નોંધાયો છે. આના કારણે ડુંગળી પકવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોને પ્રતિ કિલોગ્રામ ડુંગળીના માત્ર રૂપિયા ૩.૫૦ થી ૫.૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે. આ ભાવ એટલા ઓછા છે કે ખેડૂતોને ડુંગળી પકવવા અને વેચવા પાછળ થયેલો મજૂરી ખર્ચ પણ નીકળી શકતો નથી.

એક તરફ કુદરતી આફતો અને બીજી તરફ હરાજીમાં મળતા મામૂલી ભાવને કારણે ખેડૂતોને બેવડો ફટકો પડી રહ્યો છે. આ પરિસ્થિતિમાં ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થવાના આરે છે.ખેડૂતો દ્વારા સરકાર સમક્ષ ડુંગળીના પોષણક્ષમ ભાવ મળે તેવી માંગ કરવામાં આવી રહી છે, જેથી તેઓ આર્થિક સંકટમાંથી બહાર આવી શકે અને ફરીથી ખેતી કરી શકે.

## અવસાન નોંધ

### ઔદિચ્ય અગિયારસે સિહોર સંપ્રદાય બ્રાહ્મણ મરણ

રેખાબેન અશોકભાઈ જોશી ( ઉંમર વર્ષ ૭૦ ) તા. ૧૭ ને સોમવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે સમીરભાઈ અશોકભાઈ જોશી, સ્મિતાબેન અનિરુદ્ધભાઈ ડાભી, સોનલબેન નિમેષભાઈ દવેના માતૃશ્રી, અનિરુદ્ધભાઈ આણંદભાઈ ડાભી, નિમેષભાઈ રમેશભાઈ દવેના સાસુ, અનંતરાય, ભરતભાઈ રામચંદ્રભાઇ જોશીના ભાભી, મીનાબેન ભરતભાઈ જોશીના જેઠાણી, કમલેશભાઈ, દિલીપભાઈ અનંતભાઈ જોશી, હિતેશભાઈ, દર્શકભાઈ ભરતભાઈ જોશીના ભાભુ, ભાવનાબેન, હિરલબેનના ભાભુ, ગણેશભાઈ કમલેશભાઈ જોશી, કાર્તિકભાઈ હિતેશભાઈ જોશીના દાદી, નરેન્દ્રભાઈ રતનભાઇ, રંજુબેન, હર્ષાબેન, યોગીબેનના નાના બેન થાય. તેમનું બંને પક્ષનું સંયુક્ત બેસણું તારીખ ૨૦ ને ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નંબર ૯૮, પ્રધાનમંત્રી આવાસ યોજના, સાગરપાર્ક પાછળ, પંડ્યા મીઠાઈ વાળા ખાંચામાં, ઘોઘારોડ ભાવનગર ખાતે રાખેલ છે.

### ક્ષત્રિય મરણ

ગામ જાળીયા, તા.વલ્લભીપુર હાલ ભાવગનર નિવાસી અશોકસિંહ બળવંતસિંહ ગોહિલ (ઉ.વ.૬૧)નું તા.૧૬/૧૧/૨૦૨૫ને રવિવારના રોજ રામચરણ પામેલ છે. તેઓ જગદિશસિંહ બળવંતસિંહ ગોહિલ (માજી સરપંચ જાળીયા) અને બાપુભા બળવંતસિંહ ગોહિલના નાના ભાઈ થાય તથા હરદેવસિંહ બળવંતસિંહ ગોહિલના મોટા ભાઈ થાય છે તથા મયુરસિંહ અશોકસિંહ ગોહિલ અને યોગેન્દ્રસિંહ અશોકસિંહ ગોહિલના પિતાશ્રી થાય તથા યુવરાજસિંહ, બ્રિજરાજસિંહ, નિર્મળસિંહ, ક્રિપાલસિંહના કાકા થાય તથા અજયસિંહના મોટા બાપુ થાય તથા દક્ષરાજસિંહ, મિતરાજસિંહ, રાજવીરસિંહ, વિરાદિત્યસિંહ, જયદિત્યસિંહ, જયવીરસિંહ, માન્યરાજસિંહના દાદા બાપુ થાય. સદગતનું બેસણું તા.૨૦/૧૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ ગામ : જાળીયા, તા.વલ્લભીપુર, જિ.ભાવનગર ખાતે તથા તા.૨૧/૧૧/૨૦૨૫ને શુક્રવારના રોજ બપોરે ૩ થી ૫, શક્તિ માતાના મંદિર, કાળીયાબીડ, ભાવનગર ખાતે રાખેલ છે. સદગતની ઉતરક્રિયા તા.૨૪/૧૧/૨૦૨૫ને સોમવારના રોજ જાળીયા મુકામે રાખેલ છે.

# નિબંધ સ્પર્ધાના વિજેતા કાનિયાડ પ્રા. શાળાના બાળકોને પ્રોત્સાહિત કરાયા

બોટાદ,તા.૧૯

બોટાદ જિલ્લામાં રોજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે ચાલી રહેલી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણી અંતર્ગત આયોજિત નિબંધ સ્પર્ધામાં કાનિયાડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે થઈ હતી. આચાર્ય તથા શિક્ષકમંડળના સહકારથી વિદ્યાર્થીઓને પુસ્તકાલયનું મહત્વ, વાંચનની ટેવ અને પુસ્તકોના ફાયદા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્તમ રજૂઆતો કરી હતી. પ્રથમ ક્રમ ભાલાળા ઉર્વિશા મુકેશભાઈ, દ્વિતીય ક્રમ રાઠોડ ખુશી જેસીંગભાઈ અને તૃતીય ક્રમ સંયુક્ત રીતે મેણીયા પ્રિન્સી રાજેશભાઈ તથા ભાલાળા સાહિલ વિનોદભાઈને મળ્યો હતો. તમામ સ્પર્ધકોને પ્રોત્સાહન રૂપે ઈનામ આપીને કાર્યક્રમ સફ્ળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# ખાંભાના ભાણીયા ખાતે બ્રાંચ પોસ્ટ માસ્તરે રૂા.૧,૦૨,૩૧૬ની ઉચાપત કરી

અમરેલી:

ખાંભાના ભાણીયા બ્રાન્ચ પોસ્ટ ઓફિસ ખાતે બ્રાંચ પોસ્ટ માસ્તરે રૂપિયા ૧,૦૨,૩૧૬ની ઉચાપત કરી હોવાની ખાંભા પોલીસ મથકમાં ધારી સબ ડીવીઝનલ ઈન્સપેક્ટરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મુળ હરિયાણાના તોશામના રિવાસાના વતની અને હાલ ધારી પ્રેમપરામાં રહેતા તથા ધારી સબ ડીવીઝનલ ઈન્સપેક્ટર સજ્જનભાઈ શ્રીલીલુરામ (ઉ.વ.૩૬)એ રાજુલાના રાભડાના વતની અને ભાણીયાના બ્રાંચ પોસ્ટ માસ્તર પારસ જસુભાઈ ગજેરા સામે ખાંભા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પારસ ગજેરા ભાણીયા બ્રાન્ચ પોસ્ટ ઓફિસે સરકારી કર્મચારી તરીકે કાર્યરત છે.ફરજ દરમિયાન પારસ ગજેરાએ પોસ્ટ ઓફિસની ખુલતી સીલકના રૂપિયા ૧,૦૨,૩૧૬ની ઉચાપત કરી હતી. તેમણે આ રકમ અંગત ખર્ચ માટે ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું હતું. અંતે ખાંભા પોલીસ મથકમાં સરકારી નાણાંની ઉચાપતની ફરિયાદ નોંધાતા ઈન્ચાર્જ પીઆઈ જી.એમ.જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

-ઃજાહેર નોટીસઃ-

એકઝક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય

શ્રી બારૈયા ભુથાભાઈ ઘેલાભાઈ
રહે.હાથબ, તા.જી.ભાવનગર.

કેસ નં.૯/૨૦૨૫
મરણ તા.૦૧/૦૧/૨૦૦૦

વિરૂધ્ધ

તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.હાથબ, તા.જી.ભાવનગર

બાબતઃ-જન્મ-મરણ નોંધણી અન્વયે મૃત્યુ નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બારૈયા ભુથાભાઈ ઘેલાભાઈ રહે. હાથબ, તા.જી.ભાવનગરએ તેમના પિતાશ્રી ઘેલાભાઈ પાંચાભાઈ બારૈયાનું મરણ તા. ૦૧/૦૧/૨૦૦૦ ના રોજ હાથબ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત કેસ નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તાઃ ૨૯/૧૦/૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી
(એમ.ડી.પરમાર)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ભાવનગર

PROWEL